| | |
|---|---|
| PUBLICATION NAME : | Suryakaal |
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/11/2022 |
| PAGE: | 2 |

# ઈડીઆઈઆઈમાં રાષ્ટ્રીય ઉદ્યોગ સાહસિકતા દિવસની ઉજવણી થઈ



અમદાવાદ, શુક્રવાર

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઈ), અમદાવાદે ઇડીઆઇઆઇના કેમ્પસમાં ૯ નવેમ્બર, ૨૦૨૨ના રોજ રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિકતા દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સના પ્રતિનિધિઓ અને યુવાન ઉદ્યોગસાહસિકો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. આ કાર્યક્રમનો વિષય હતો – શાળાના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા. દેશના ભવિષ્ય સમાન બાળકોના મનમાં ઉદ્યોગસાહસિકતાના બીજ રોપવા માટે આ વિષય નક્કી કરવામાં આવ્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમની યોજનાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ વચ્ચે નવીનતા અને ઉદ્યોગસાહસિકતા ખીલવવાનો હતો. કાર્યક્રમમાં પ્રેરક સંબોધન ઉપરાંત વિદ્યાર્થીઓની અંદર રહેલી ઉદ્યોગસાહસિકતાની સંભાવનાનું મૂલ્યાંકન કરવા કે ચકાસવા સાયકોમેટ્રિક ટેસ્ટ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રાફ્ટ્સ એન્ડ ડિઝાઇનના ડિરેક્ટર પ્રોફેસર (ડો.) તુલિકા ગુપ્તા હતાં. આ પ્રસંગે ગેસ્ટ ઓફ ઓનર નાપબુક્સના ડિરેક્ટર અને સહ-સ્થાપક શ્રી અભિષેક જૈન હતા. શ્રી અભિષક જૈનનું સ્ટાર્ટઅપ ગુજરાતમાં એકમાત્ર સ્ટાર્ટઅપ છે, જેનું આઇપીઓમાં લિસ્ટિંગ થશે. તેમના સ્ટાર્ટઅપનું ઇક્યુબેશન ઇડીઆઇઆઇના ઇક્યુબેટર ક્રેડલમાં થયું છે.

આ કાર્યક્રમમાં વ્યવહારિક વ્યવસાયિક વિચારોની પસંદગીથી લઈને અમદાવાદની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ પાસેથી એન્ટ્રી મંગાવવાની મુખ્ય કામગીરી થઈ હતી.

અહીં નવીનતા, વ્યવહારિકતા અને ટેકનિકલ ક્ષમતાના માપદંડો પર અમદાવાદની ત્રણ શાળાઓના વિચારોની પસંદગી થઈ હતી. આ વિચારોને બેસ્ટ બિઝનેસ આઇડિયાનો એવોર્ડ એનાયત થયો હતો. આ ત્રણ શાળાઓ હતી – દિલ્હી પબ્લિક સ્કૂલ, બોપલ; દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર અને શ્રી નારાયણ સેન્ટ્રલ સ્કૂલ.

આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓના આશરે ૪૦૦ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા.

અહીં સંબોધન કરતાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રાફ્ટ્સ એન્ડ ડિઝાઇન, જયપુરના ડિરેક્ટર (ડો.) તુલિકા ગુપ્તાએ કહ્યું હતુ કે, "ભારત કળા, કૌશલ્ય, સક્ષમતા અને ઉદ્યોગસાહસિકતા તરફ વધારે ઝુકાવ ધરાવતી ભૂમિ છે.